# રાજકોટ મહાનગરપાલિકા

**રેસકોર્ષ સંકુલ ઇન્ડોર સ્ટેડિયમ પરિસર સ્થિત ૦૨ સીન્થેટીક ટેનિસ કોર્ટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનારનું પુરૂ નામ:- | | |
| ૨ | ટેન્ડર ભરનારનું પુરૂ સરનામું:- | | |
| | | | |
| | | | |
| ૩ | સસ્થા/એકેડમીનું પુરૂ નામ:- | | |
| ૪ | સંસ્થા/એકેડમી પુરૂ સરનામું:- | | |
| | | | |
| | | | |
| ૫ | ટેન્ડરરના કોન્ટેક્ટ નંબરની વિગત:- | મોબાઈલ નંબર: | |
| | | ઓફીસ નંબર: | |
| | | રેસીડેન્સ નંબર: | |
| ૬ | મુખ્ય કોચનું પુરૂ નામ તથા લાયકાત (લાયકાત માટે જુઓ શરત નં.૧૪) | | |

**રેસકોર્ષ સંકુલ ઇન્ડોર સ્ટેડિયમ પરિસર સ્થિત ૦૨ સીન્થેટીક ટેનિસ કોર્ટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરની શરતો તથા નિયમો :**

1. ભાવ પત્રક ભરનારે ટેન્ડર ભરતા પહેલા તમામ વિગતો વાંચી ટેન્ડર ભરવાનું રહેશે. ટેન્ડરર સ્થળની મુલાકાત લે તે ઇચ્છનીય છે. ટેન્ડરરે સ્થળની મુલાકાત લઇને જ ભાવ ભરેલ છે તેમ માનવામાં આવશે. આ બાબત માટે પછી કોઈપણ વાંધો માન્ય રહેશે નહિ. ભાવની વિગત આંકડામાં તથા શબ્દોમાં સ્પષ્ટ દર્શાવવી.

2. પ્રત્યેક કોર્ટનું અપસેટ વાર્ષિક ભાડુ રૂ.૬૦,૦૦૦/- પ્રતિ કોર્ટ/પ્રતિ વર્ષ રહેશે. એકેડમી માટે કોર્ટ ભાડે રાખનારે પ્રત્યેક કોર્ટ દીઠ રૂ.૧૨,૦૦૦/- લેખે પ્રતિ વર્ષ ભાડા ઉપરાંત અલગથી રાજકોટ મહાનગરપાલિકાને ચૂકવવાના રહેશે આમ ૦૨ (બે) કોર્ટના બ્લોકનું અપસેટ વાર્ષિક ભાડુ રૂ.૧,૪૪,૦૦૦/- પ્રતિ વર્ષ રહેશે. ટેન્ડરરે ૦૨ (બે) કોર્ટના બ્લોકનો ભાવ ભરવાનો રહેશે. ૦૧ (એક) કોર્ટ માટે ભાવ ભરી શકાશે નહિ. તેમજ શરતી ભાવ ભરી શકાશે નહિ.
3. આ બંન્ને કોર્ટ, વર્ક ઓર્ડર તારીખથી ૦૨ વર્ષ માટે ભાડે આપવામાં આવશે.
4. કોર્ટ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થા ૧૨ વર્ષ કે તેથી નાની ઉમરના ખેલાડીઓ/તાલીમાર્થીઓ પાસેથી કોચીંગ ચાર્જ પેટે મહત્તમ રૂ.૨,૦૦૦/- પ્રતિ માસ લેખે લઇ શકશે. જયારે ૧૨ વર્ષથી વધુ ઉમરના ખેલાડીઓ/તાલીમાર્થીઓ પાસેથી કોચીંગ ચાર્જ પેટે મહત્તમ રૂ.૩,૦૦૦/- પ્રતિ માસ લેખે લઇ શકશે.
5. શરતી ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહિ. અપસેટ ભાવથી નીચે ભાવ ભરનારનું ટેન્ડર રદ્દ કરવામાં આવશે.
6. સિક્યોરીટી ડીપોઝીટ મંજુર થયેલ કુલ દ્વિવાર્ષિક ભાડાની રકમના ૦૫% રહેશે. જે "રાજકોટ મહાનગરપાલિકા" જોગ ડીમાન્ડ ડ્રાફ્ટ કે ફિકસડ ડીપોઝીટના સ્વરૂપમાં આપવાની રહેશે.
7. કોર્ટ ભાડે રાખનાર કોર્ટ પરિસર ખાતે કોમર્શીયલ જાહેરાત (પોતાના વ્યકતિ/સંસ્થા/એકેડમીના બેનર સિવાયના) કરવા માંગતા હોય તો રૂ.૫૦૦/- પ્રતિદિન/પ્રતિ જાહેરાત અલગથી ચૂકવવાના રહેશે તથા આ જાહેરાત કાનુની રીતે નિષેધાત્મક અને સુરૂચિનો ભંગ ન થાય તેવી હોવી જોઈએ.
8. કોર્ટ સવારે ૧૦ કલાક થી બપોરે ૦૧ કલાક સુધી તથા સાંજે ૪ કલાક થી સાંજે ૭ કલાક સુધીના સમયગાળા માટે ભાડે આપવામાં આવશે. સમય કોઈપણ સંજોગોમાં ફેરવી શકાશે નહિ.
9. કોઈપણ ટેનીસ કોર્ટ ભાડે રાખવા એક કરતા વધુ અરજીઓ આવ્યેથી, મહત્તમ ભાડું (H-1) ભરનારને પ્રાધાન્ય આપી ટેનીસ કોર્ટ ભાડે આપવામાં આવશે.
10. ટેનીસ કોર્ટનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિને કોઈપણ ઈજા/નુકસાન કે જાનહાનિ ન થાય તેની કાળજી ટેન્ડર ભરનારે રાખવાની રહેશે. તેમજ તમામ જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.
11. કોર્ટ ભાડે રાખનારે નિયત ક્વોલીટીના ટેનીસ શુઝ પહેરેલ સભ્યોને જ ટેનીસ કોર્ટ ખાતે પ્રવેશ આપવાનો રહેશે.
12. ટેનીસ કોર્ટનો ઉપયોગ કરતી વખતે કોર્ટ નેટ તથા અન્ય પરિસરમાં આવેલ વસ્તુને નુકશાન/અડચણ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આવું થયે ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા તફાવતની રકમ નિયમાનુસાર વસુલ કરવામાં આવશે.

13. ટેનીસ કોર્ટ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થા/એકેડમી માત્ર પોતેજ આ ટેનીસ કોર્ટનો ઉપયોગ કરી શકશે.ભાડે રાખનાર સિવાય ટેનીસ કોર્ટનો ઉપયોગ અન્ય કોઈપણ વ્યક્તિ/સંસ્થા કરી શકશે નહિ.
14. કોર્ટ ભાડે રાખનારે કોચીંગ માટે મુખ્ય કોચ તરીકે AITA (ALL INDIA TENNIS ASSOCIATION) નું કોચીંગ અંગેનું સર્ટીફિકેટ ધરાવતા કોચ અથવા ITF (INTERNATIONAL TENNIS FEDERATION) નું કોચીંગ અંગેનું સર્ટીફીકેટ ધરાવતા કોચ હોય તે કક્ષાના વ્યકિત રાખવાના રહેશે. આ ટેન્ડર ફોર્મ સાથે મુખ્ય કોચના આ અંગેના સર્ટીફિકેટ સામેલ રાખવાના રહેશે. ઓનલાઇન કોચિંગ સર્ટિફીકેટ્સ માન્ય રાખવામાં આવશે નહિ. તેમજ આ કોચ બદલ્યે રાજકોટ મહાનગરપાલિકાને તુરંતજ લેખિતમાં જાણ કરવાની રહેશે. જેમાં વિસંગતતા માલુમ પડયે અત્રેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.
15. કોર્ટ ભાડે રાખનારે કોચીંગ સ્ટાફ પોતાના ખર્ચે રાખવાના રહેશે. સીકયુરીટી, સફાઇ તથા કોર્ટ મેઇનટેનન્સ સ્ટાફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાખવામાં આવશે. વીજળી ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે.
16. મેચ/તાલીમ દરમિયાન ખેલાડી,કોચ અથવા આયોજક સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ કોર્ટમાં પ્રવેશ કરી શકશે નહિ
17. કોર્ટ ભાડે રાખનારે એકેડમી આનુષંગિક તમામ ખર્ચ તથા અન્ય તમામ વ્યવસ્થાપક સ્ટાફ પોતાના ખર્ચે રાખવાના રહેશે.
18. કોર્ટ પરિસરમાં કોઈપણ ફૂડ પેકેટ્સ કે અન્ય ફૂડ આઈટમ સાથે લાવી શકાશે નહી. ધુમ્રપાન,પાન,માવા,ફાકી,કેફી દ્રવ્યોનું સેવન નિષેધ રહેશે. આવુ કરવાના કિસ્સામાં કો-ઓર્ડીનેટરશ્રી કોર્ટ ખાલી કરાવશે.
19. કોર્ટ ભાડે રાખનાર પાસેથી ભાડું એડવાન્સ ચેકથી બે વર્ષની ભાડાની કુલ ભાડા રકમના **<u>૦૮(આઠ)</u>** સરખા ભાગ દ્વારા વસુલવામાં આવશે. આ એડવાન્સ ચેક તથા સિક્યોરીટી ડીપોઝીટનો ચેક જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર મળવાપાત્ર થશે.
20. કોર્ટ ભાડે રાખનારે ભાડા ઉપરાંત નિયમાનુસારના GST સહીતના વખતોવખત લાગુ પડતા કરવેરાઓ ભરપાઈ કરવાના રહેશે જે ઉપરોક્ત મંજુર થયેલ ભાવ ઉપરાંતના રહેશે.
21. રાજકોટ મહાનગરપાલિકાના વખતોવખતના ઠરાવો/હુકમો તથા પરિપત્રોથી નિયત કરાયેલ તથા નિયત કરવામાં આવનાર તમામ નિયમો કોર્ટ ભાડે રાખનારને બંધનકર્તા રહેશે જેનો ભંગ થયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.
22. રાજકોટ મહાનગરપાલિકા તરફથી સુચના મળ્યે એકેડમી માટે કોર્ટ ભાડે રાખનારે કોર્ટ રાજકોટ મહાનગરપાલિકા સુચવે તેને ફાળવવાના રહેશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા કોઇ વળતર ચુકવશે નહી અને અન્ય કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે નહી. તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેઇનટેનન્સ માટે સુચવેલ દિવસે કોર્ટનો ઉપયોગ કરી શકાશે નહિ.

23. કોર્ટ ભાડે રાખવાથી, ભાડે રાખનાર તથા તેમાં તાલીમ આપનાર કોઈપણ વ્યક્તિ/સંસ્થા વિગેરેનો કોર્ટની માલિકી અંગેનો કે રાજકોટ મહાનગરપાલિકામાં કોઈપણ રીતે નોકરી કે અન્ય કોઇપણ બાબત અંગેનો હક્ક પ્રસ્થાપિત થઇ શકશે નહિ.
24. કોર્ટ ભાડે રાખનાર સંસ્થાએ ખેલાડીઓ તથા કોચને આઇ-કાર્ડ આપવાના રહેશે. જે ખેલાડીઓ તથા કોચે ફરજિયાતપણે સાથે રાખવાના રહેશે.
25. કોર્ટ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થા માત્ર પોતેજ આ કોર્ટનો ઉપયોગ કરી શકશે. ભાડે રાખનાર સિવાય કોર્ટનો ઉપયોગ અન્ય કોઈપણ વ્યક્તિ/સંસ્થા કરી શકશે નહિ.
26. કોર્ટ પરિસરમાં પરવાનગી વગર કાયમી કે હંગામી બાંધકામ કરી શકાશે નહી કે મંડપ નાખી શકાશે નહિ.
27. ઉપરોક્ત નિયમોનો ભંગ થયે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
28. રાજકોટ મહાનગરપાલિકા સિવાયની અન્ય કોઈ સરકારી/અર્ધસરકારી કચેરીની આનુષંગિક મંજુરી આયોજકે પરભારે અને સ્વખર્ચે અચુકપણે લેવાની રહેશે આ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહિ.
29. કોર્ટની ફાળવણી અથવા અન્ય કોઈપણ બાબતે વાદ-વિવાદ, તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થયે કમિશનરશ્રી,રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.આ અંગેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.
30. એકેડમી માટે કોર્ટ ભાડે રાખનારે, કોર્ટ ખાતે કોઇપણ ટુર્નામેન્ટ યોજતા પુર્વે કમિશનરશ્રી કક્ષાએ મંજુરી લેવાની રહેશે.
31. કરારનો સમય પૂર્ણ થયે સંસ્થાએ ટેનીસ કોર્ટનો શાંત નિર્ભય કબજો રાજકોટ મહાનગરપાલિકાને પરત કરવાનો રહેશે. જે બાદ ડીપોઝીટ પરત કરવામાં આવશે.
32. આ માટે પ્રી-બીડ મીટીંગ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ ખાતે સવારે ૦૧:૦૦ કલાકે યોજાશે.
33. આ કામનુ ટેન્ડર **તા.૦૬/૦૧/૨૦૨૫ થી તા.૨૮/૦૧/૨૦૨૫** ના સાંજે ૫:૦૦ કલાક સુધી ઓનલાઇન www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ડાઉનલોડ કર્યા બાદ રૂ.૧,૧૨૫/- (અંકે રૂપિયા એક હજાર એકસો પચીસ પુરા) નો **રાજકોટ મહાનગરપાલિકા** જોગ કઢાવેલ ટેન્ડર ફી પેટેનો ડી.ડી ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.
34. ટેન્ડર ફોર્મ સાથે **રૂ.૧૦,૦૦૦**/- ની રકમનો “ **રાજકોટ મહાનગરપાલિકા**” જોગ કઢાવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટેનો ડી.ડી સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.

35. ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાના ડોકયુમેન્ટની વિગત :

1. ટેન્ડર ફી રૂ.૧,૧૨૫/- ની રકમનો ડી.ડી
2. રૂ.૧૦,૦૦૦/- ની રકમનો EMD ડી.ડી.
3. PAN કાર્ડની નકલ
4. આધાર કાર્ડની નકલ
5. બેંક પાસબુકની ઝેરોક્ષ
6. AITA (ALL INDIA TENNIS ASSOCIATION) નું કોચીંગ અંગેનું સર્ટીફિકેટ ધરાવતા કોચ અથવા ITF (INTERNATIONAL TENNIS FEDERATION) નું કોચીંગ અંગેનું સર્ટીફિકેટ ધરાવતા કોચ, હોવા અંગેના સર્ટીફિકેટની નકલો
7. ઓફીસ એડ્રેસનો પુરાવો(હોય તો)
8. GST રજીસ્ટ્રેશનનો પુરાવો (હોય તો)
9. પાર્ટનરશીપ ડીડની નકલ (હોય તો)
10. પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પાવતી (ચાલુ નાણાકીય વર્ષ)
11. શોપ લાયસન્સની નકલ (જો લાગુ પડતુ હોય તો)
12. ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી.ભર્યાની પાવતી (લાગુ પડે તો)

**<u>** ઉપરોકત તમામ ડોકયુમેન્ટ સ્વપ્રમાણિત (SELF ATTESTED) કરીને રાખવાના રહેશે.</u>**

**ટેકનીકલ બીડ :**

ઉપરોક્ત તમામ બિડાણો સાથેનું ટેકનીકલ બીડ અલગ સીલબંધ કવરમાં મોકલી આપવાનું રહેશે. ટેકનીકલ બીડના કવર પર "રેસકોર્ષ સંકુલ ઇન્ડોર સ્ટેડિયમ પરિસર સ્થિત ૦૨ સીન્થેટીક ટેનિસ કોર્ટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ" એમ સ્પષ્ટપણે લખવાનું રહેશે.

ટેકનીકલ બીડ કવર ઓ.એસ.ડીની કચેરી,શ્રી વિર સાવરકર ઇન્ડોર સ્ટેડિયમ,રેસકોર્ષ સંકુલ, રાજકોટ ઓફીસ ખાતે તા.૨૯/૦૧/૨૦૨૫ સુધીમાં સીલબંધ કવરમાં ઓફીસ અર્વસ દરમિયાન ફકત સ્પીડપોસ્ટ/રજી.એ.ડી. દ્વારા રજુ કરવાના રહેશે. ટેકનીકલ બીડ તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે ખાતે ખોલવામાં આવશે.

# રાજકોટ મહાનગરપાલિકા

**રેસકોર્ષ સંકુલ ઇન્ડોર સ્ટેડિયમ પરિસર સ્થિત ૦૨ સીન્થેટીક ટેનિસ કોર્ટ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ**

**પ્રાઇસ બીડ :**

પ્રાઇસબીડ www.nprocure.com પર ભરવાનું રહેશે. પ્રાઇસ બીડ ભરવાની આખરી તારીખ તા.૨૮/૦૧/૨૦૨૫, સાંજે ૬:૦૦ કલાક રહેશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેમના જ પ્રાઇસ બીડ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

હું નીચે સહી કરનાર શ્રી ........................................................................................ આ સાથે સામેલ ઉપરોકત તમામ શરતો અને નિયમો ( ૦૧ થી ૩૫) વાંચી, તમામ બાબતો જોઇ, વિચારી તથા સમજી ટેનિસ કોર્ટ ભાડે લેવા બંધાઉ છું. જે બદલ નીચે સહી કરી આપુ છું.

| | |
|---|---|
| ટેન્ડર ભરનારની સહી: | |
| ટેન્ડર ભરનારનું નામ: | |
| ટેન્ડર ભરનારની સંસ્થાનું નામ: | |
| સ્થળ તથા તારીખ : | |